# વસંત પર્વની ભવ્ય ઉજવણી

## ગોંડલ - રાજકોટ

ગોંડલ ગાયત્રી પરિવાર દ્વારા શ્રીમતી એસ.એસ. અજમેરા હાઈસ્કૂલમાં વિદ્યાર્થીઓ-ને તથા શિક્ષકોને પરમ પૂજ્ય ગુરુદેવના માર્મિક સંસ્મરણો સંભળાવીને પરમ પૂજ્ય ગુરુદેવના આધ્યાત્મિક જન્મદિવસની ઉજવણી કરવામાં આવી.

આચાર્ય શ્રી સવજીભાઈ વિસાવળીયા દ્વારા પૂજ્ય ગુરુદેવના જીવનની રૂપરેખા આપવામાં આવી, જ્યારે સંસ્કૃતિ મંડળના શિક્ષક શ્રી એમ.જી.અગ્રાવત દ્વારા વિદ્યાર્થીઓ-માં પરમ પૂજ્ય ગુરુદેવની વિસ્તૃત માહિતી વિદ્યાર્થીઓને આપી. વિદ્યાર્થીઓમાં ગાયત્રી મંત્રનું ગાયન કરવામાં આવ્યું. શાળામાં વસાવેલ પુસ્તક અમારુ વીલ અને વારસો માંથી વકૃત્વ સ્પર્ધા પણ રાખવામાં આવી હતી.

## ગાયત્રી શક્તિપીઠ પાલનપુર (બનાસકાંઠા)

ગાયત્રી શક્તિપીઠ પાલનપુરમાં વસંત પર્વ તથા પરમ પૂજ્ય ગુરુદેવના આધ્યાત્મિક જન્મદિવસની ૧૦ કલાકના અખંડ જપ સાથે ઉજવણી કરવામાં આવી. આ અખંડ જાપમાં ૧૦૮ પરિજનોએ ભાગ લીધો હતો. પાંચ કુંડી ગાયત્રી મહાયજ્ઞ સાથે વિભિન્ન સંસ્કારોનો ક્રમ પણ ચાલ્યો.

સાંજના પાંચ વાગે ૫૦૮ દીપકો દ્વારા દીપમહાયજ્ઞનું આયોજન રાખવામાં આવ્યું હતું. ગાયત્રી શક્તિપીઠ દ્વારા ૧૩૦૦ ક્રાંતિધર્મી સેટ, ૮૩૫ ઘરોમાં દેવ સ્થાપના, ૯૦ ઘરોમાં ગુરુગીતા પાઠ સાહિત્ય સ્થાપના કરી ચુક્યા છે. સૌ પરિજનોએ સંકલ્પ વ્યક્ત કર્યો કે દર પૂનમ અને અમાસના દિવસે ગાયત્રી શક્તિપીઠ-માં બે કલાક જપ કરવા તથા દર એકાદશી-ના દિવસે ગુરુગીતા પાઠ કરવા. અંતમાં યુગશક્તિ ગાયત્રી, અખંડ જ્યોતિ અને પાક્ષિક પ્રજ્ઞા અભિયાનના નવા સભ્યો બનાવવાના સંકલ્પ સાથે કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું.

## ગાયત્રી પ્રજ્ઞાપીઠ, તલોદ

તલોદ ગાયત્રી પરિવાર દ્વારા વસંત પંચમીની ભવ્ય ઉજવણી કરવામાં આવી. પરમ પૂજ્ય ગુરુદેવના આધ્યાત્મિક જન્મદિવસની ઉજવણી પ્રજ્ઞાપીઠમાં ગાયત્રી યજ્ઞમાં વિશેષ આહુતિઓ આપીને કરવામાં આવી. વસંત પંચમીના આગલા દિવસે અખંડ જપનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો, જે સવારે ૬ વાગ્યાથી સાંજના ૬ વાગ્યા સુધી અખંડ જાપ ચાલ્યા. મોટી સંખ્યામાં પરિજનોએ લાભ લઈને હર્ષોલ્લાસ અને ભાવવિભોર બની ગુરુજીના આધ્યાત્મિક જન્મ દિવસની ઉજવણી કરવામાં આવી.

## ઘડી-પ્રાંતિજ (સાબરકાંઠા)

ઘડી ગામમાં ૩૦ પરિજનોએ બે કલાકના ગાયત્રી મહામંત્રના અખંડ જાપ સાથે પરમ પૂજ્ય ગુરુદેવના આધ્યાત્મિક જન્મદિવસની ઉજવણી કરવામાં આવી. વસંત પંચમીના દિવસે દીપક પ્રગટાવીને અખંડ જાપની શરૂઆત કરવામાં આવી. તેની પહેલાં પરમપૂજ્ય ગુરુદેવ-માતાજીના ફોટાઓનું પૂજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમને સફળ બનાવવા ગાયત્રી પરિજનોએ ભારે જહેમત ઉઠાવી હતી.

## વ્યસનમુક્તિ અભિયાન ઘડુલી તા-લખપત-કચ્છ

ગાયત્રી ચેતના કેન્દ્ર ઘડુલી દ્વારા સારસ્વત હાઈસ્કૂલ દયાપરમાં વ્યસનમુક્તિ પ્રદર્શન ગોઠવવામાં આવ્યું હતું. જેમાં ૩૫ વિવિધ પોસ્ટરો લગાવવામાં આવ્યા હતા આ પોસ્ટરોમાં વ્યસનથી થતા નુકશાન અંગે ગાયત્રી પરિવારના પ્રતિનિધિઓ દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું તથા ચિત્ર સ્પર્ધા અને નિબંધ સ્પર્ધા રાખવામાં આવેલ જેમાં ધોરણ-૮ થી ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો. જેમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાને આવનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઈનામ આપવામાં આવ્યા. ચિત્ર સ્પર્ધામાં પ્રથમ મીતલ જી.પટેલ, દ્વિતીય જીજ્ઞા જે.દેસાઈ અને તૃતીય સ્થાને રેખાબા આર.સોઢા આવી હતી. જ્યારે નિબંધ સ્પર્ધામાં પ્રથમ બિંદીયા બી. ગોસ્વામી, દ્વિતીય એકતા એસ.પટેલ અને તૃતીય સ્થાને દીપેશ કે.કાપડી તથા ભુમી એચ.પોકાર આવ્યા હતા.

## ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા, ગોંડલ

ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા-૨૦૦૭ના પ્રમાણપત્રો વિદ્યાર્થીઓને અર્પણ કરવાનો એક કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં ૧૩૬ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. રીઝલ્ટ ૧૦૦ ટકા આવ્યું. કાર્યક્રમની શરૂઆત ગાયત્રી મંત્રથી શરૂ થયેલ શાળામાં પરીક્ષાનું મહત્ત્વ સમજાવ્યું. શિક્ષક શ્રી એમ.જી.અગ્રવતે સંસ્કૃતિ મંડળના સમગ્ર કાર્યવાહીથી વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા. ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષામાં પ્રથમ ત્રણ વિદ્યાર્થીઓને પુરસ્કાર આપવામાં આવ્યા સાથે ધોરણ-૧૦ તથા ૧૨ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજવામાં આવ્યો. કાર્યક્રમને ગોંડલ ગાયત્રી પરિજનો દ્વારા આશીર્વચન પાઠવવામાં આવ્યા. આ કાર્યક્રમમાં ગ્રામજનો, વિદ્યાર્થીઓ, સ્ટાફ તથા મહેમાનો હાજર રહ્યા હતા. અંતમાં યોગ વિશે જાણકારી આપવામાં આવી.

આ કાર્યક્રમને સફળ બનાવવા ગોંડલ ગાયત્રી પરિવારે ભારે જહેમત ઉઠાવી હતી. •

# અંધત્વ નિવારણ શિબિર

## ગાયત્રી શક્તિપીઠ મોગરી-ખેડા

વિદ્યા વિસ્તાર આયોજનોએ ગતિ પકડી લીધી છે. એક પ્રવાહ ચાલી પડ્યો છે. ગાયત્રી શક્તિપીઠ મોગરીમાં તા-૨૪ ફેબ્રુઆરીના દિવસે અંધત્વ નિવારણ સમિતિ, આણંદ દ્વારા દૃષ્ટિ તપાસ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં આજુબાજુના ગામના લગભગ ૪૫૦ થી વધુ લાભાર્થીઓની દૃષ્ટિ તપાસ સંતોષકારક રીતે કરવામાં આવી અને ૩૦૦ લાભાર્થીઓને ચશ્મા વિતરણ કરવામાં આવ્યા તથા જરૂરિયાતવાળાને મફત દવા આપવામાં આવી. મોતીયા બિન્દના ૨૬ દર્દીઓને ઓપરેશન માટે વ્યવસ્થા કરવામાં આવી.

આ કાર્યક્રમને સફળ બનાવવા શ્રીમતી મીનાક્ષીબેન દિનેશભાઈ કાયસ્થ (યુ.એસ.એ.) પરિવાર તથા મોગરી ગાયત્રી શક્તિપીઠના પરિજનોએ ભારે જહેમત ઉઠાવી હતી. •

**દેવ માનવ એ છે, જેઓ આદર્શોને આચરણમાં લાવવાની યોજના બનાવે છે અને સુવિધાની મહાત્વાકાંક્ષાનો ત્યાગ કરીને યુગધર્મના નિર્વાહ માટે કાંટાભર્યા માર્ગ પર એકલા જ ચાલી નીકળે છે.**

# આયુર્વેદિક ચિકિત્સા કેમ્પનું આયોજન

## ઘડુલી (કચ્છ)

લખપત તાલુકાના ઘડુલી મધ્યે જીલ્લા આયુર્વેદ દવાખાનુ બરંદા દ્વારા ગાયત્રી પરિવારના સ્વાસ્થ્ય સંવર્ધન અભિયાન હેઠળ ગાયત્રી ચેતના કેન્દ્ર ઘડુલીના સહયોગથી મફત સર્વરોગ આયુર્વેદ ચિકિત્સા નિદાન તથા સારવાર કેમ્પ યોજવામાં આવ્યો હતો.

ઘડુલીના સરપંચ શ્રી અમરાવતીબેન મૂળજીભાઈ પટેલ, ડૉ.બીપીન ભાઈ વી. પરમાર જીલ્લા આયુર્વેદ અધિકારી, શ્રી સોલંકી સાહેબ જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીના હસ્તે દીપ પ્રજ્વલન કરીને આ કેમ્પનો આરંભ કરવામાં આવ્યો. જીલ્લા આયુર્વેદ અધિકારી તરફથી ચિકિત્સાની વિસ્તૃત જાણકારી આપી.

આ કેમ્પમાં આજુબાજુના આઠ ગામોના ૧૭૪ દર્દીઓને વિવિધ રોગોની ચિકિત્સા નિદાન કરી દવાઓ આપવામાં આવી. કેમ્પમાં ડૉ.કમલેશ ભાઈ, વી.જોષી, મે.ઓ.બરંદા તથા ડૉ.નવીનભાઈ બી. રાજગોર, મે.ઓ.જખૌએ પોતાની માનદ્ સેવા આપી હતી.

આ કેમ્પને સફળ બનાવવા ગાયત્રી ચેતના કેન્દ્ર ઘડુલીના ગાયત્રી પરિજનોમાં શ્રી મણીલાલ ભાઈ લીબાણી, વિશ્રામભાઈ શાખલા, વિનોદભાઈ ગોસ્વામીએ જહેમત ઉઠાવેલ જ્યારે શ્રી મુળજીભાઈ હળપાણી, શ્રી મહેશભાઈ વણકરનો સહયોગ પ્રશંસનીય હતો. ગ્રામ્યજનોએ આ કાર્યક્રમની પ્રશંસા કરીને એને આવકાર્યો હતો. •

# ગુરુગીતા કથાનું ભવ્ય આયોજન

## ગાયત્રી પરિવાર કરચેલીયા-સુરત

કરચેલીયા ગાયત્રી પરિવાર દ્વારા ગુરુગીતા કથાનું ભવ્ય આયોજન રાખવામાં આવ્યું હતું. જેની શુભ શરૂઆત



મકરસંક્રાંતિના પાવન દિવસે પાંચ કુંડી ગાયત્રી મહાયજ્ઞ સાથે થઈ હતી. આ યજ્ઞ સંપન્ન કરવા દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલયની પ્રજ્ઞાપુત્રીઓ સાથે ઉપઝોન સુરતથી શ્રી મોહનભાઈ શાસ્ત્રી પણ પધાર્યા હતા. યજ્ઞની પૂર્ણાહુતી બાદ ગામમાં સુંદર શોભાયાત્રા કાઢવામાં આવી હતી. બેંડવાજા સાથે બાળાઓએ માથા ઉપર જવારા, કળશ અને પોથી ધારણ કરી આગળ ચાલી રહી હતી. નાના બાળકો બેનરો, ધ્વજા સાથે જયઘોષનો ઉચ્ચાર કરતાં ગામનું વાતાવરણ દિવ્ય બનાવ્યું હતું. આવા સુંદર દૃશ્યો સાથે શોભાયાત્રા આખા ગામની પરિક્રમા કરીને કથા સ્થળે પહોંચી હતી. જ્યાં તેનું ભવ્ય સ્વાગત સાથે આરતી ઉતારવામાં આવી.

તા-૧૫ જાન્યુઆરીના દિવસે ગુરુગીતા કથાની શુભ શરૂઆત કરવામાં આવી. આ ગુરુગીતા કથાનું રસપાન પ્રજ્ઞાપુત્રી રશ્મિબેન પટેલે કરાવ્યું હતું. તેમણે પોતાની સુંદર ઓજસ્વી, તેજસ્વી શૈલીમાં કથાની શુભ શરૂઆત કરી હતી. એમણે પોતાની કથામાં આ સંસારરૂપી ભવસાગરને પાર કરવા માટે ભોમિયારૂપી સદ્ગુરુની જરૂર છે. જેના વગર કોઈ સફળ થઈ શકતું નથી. આજના આ અંધકારભર્યા વાતાવરણમાં સાચું જ્ઞાન, સાચી દિશા, સાચુ માર્ગદર્શન, અંધકારને પ્રકાશ આપનારી જો શક્તિ હોય તો એક માત્ર સદગુરુનું શરણું છે. વર્તમાન સમયના એક એવા મહાન તપસ્વી, જ્ઞાનદાતા દુનિયાને નવા વિચારો આપી વિશ્વ માનવની સેવા કરી છે. એવા સેવાભાવી સદ્ગુરુ શ્રીરામ શર્મા આચાર્યજી છે. જેમના સાનિધ્યમાં આવવાથી જેમણે બતાવેલા માર્ગ પર ચાલવાથી ચોક્કસ જીવન સફળ થઈ શકે છે. છેલ્લા દિવસે સૈકડો લોકોએ ગાયત્રી મંત્રદીક્ષા લીધી હતી. અંતમાં દીપયજ્ઞ સાથે કથાની પૂર્ણાહુતિ કરવામાં આવી. •

# પ્રજ્ઞા પુરાણ કથાનું ભવ્ય આયોજન

## ગાયત્રી પરિવાર તરસાલી

તરસાલી ગાયત્રી પરિવાર ઝોન નં-૧૦ વડોદરાના ઉપક્રમે તરસાલી વિસ્તારમાં પ્રજ્ઞા પુરાણ કથનું ભવ્ય આયોજન રાખવામાં આવ્યું હતું. આ પ્રજ્ઞા પુરાણ કથાનું રસપાન તરસાલી વિસ્તારના પ્રજ્ઞાપુત્રી કોકીલાબેન પરીખે કરાવ્યું હતું. તેમની આ પ્રથમવાર પ્રજ્ઞા પુરાણ કથાના માધ્યમથી ગુરુસંદેશ આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો.

કથાની શરૂઆત ભવ્ય કળશયાત્રા સાથે થયો હતો. પ્રજ્ઞા પુરાણ ગ્રંથની પોથી, જવારા, કળશ ધારણ કરી બહેનો આગળ ચાલી રહી હતી. કળશયાત્રામાં વિશાળ સંખ્યામાં પરિજનો સામેલ થયા હતા.નાની બાલિકાઓએ હાથમાં મશાલના ચિત્રો, ઝંડા સાથે જોડાઈ હતી. આ શોભાયાત્રા કથા સ્થળે પહોંચી ત્યારે તેનું ભવ્ય સ્વાગત કરી આરતી ઉતારવામાં આવી.

પ્રજ્ઞા પુરાણ કથાની સાથે વિભિન્ન સંસ્કારોનો ક્રમ પણ રાખવામાં આવ્યો હતો. ગાયત્રી પરિવાર તરસાલી શાખા દ્વારા જ્ઞાનરથ દ્વારા યુગ સાહિત્યનું બ્રહ્મભોજમાં વેચાણ કરવામાં આવ્યું હતું.

પૂર્ણાહુતિ દીપયજ્ઞના માધ્યમથી સંકલ્પ લેવામાં આવ્યો કે ઘરે-ઘર યુગ શક્તિ ગાયત્રી પહોંચાડવી, નવા લવાજમ લેવા તથા દેવ સ્થાપના કરાવવી. ધોરણ-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓની બોર્ડની પરીક્ષામાં સફળતા માટે યજ્ઞમાં વિશેષ આહુતિઓ આપવામાં આવી.

આ કાર્યક્રમને સફળ બનાવવા ગાયત્રી પરિવાર તરસાલીના પરિજનોએ ભારે જહેમત ઉઠાવી હતી. •



**કામને કાલ માટે ટાળતા રહેવું અને આજના દિવસને આળસમાં વિતાવવો કોઈ સમજદારી નથી, મહામૂર્ખતા છે.**